# અમારા પ્રેસિડન્ટ તરફથી પત્ર

**14 મે 2020**

**વિષયઃ સ્કીમ બોરોઇંગ, મતદાન ઉપયોગ અને તમારા નાણાં પરત આપવા**

પ્રિય રોકાણકાર,

હું થોડા સમય પહેલા આપની સમક્ષ આવ્યો હતો. સૌપ્રથમ તો છ સ્કીમો બંધ કરી દેવાના અમારા નિર્ણય બાબતે તમે જે નિરાશા અને ચિંતાનો અનુભવ કરી રહ્યા છો તે બાબતે હું ઊંડી દિલગીરી વ્યક્ત કરુ છું. એ પુનરોચ્ચાર સાથે હું જણાવુ છું કે કે છ યીલ્ડ ઓરિએન્ટેડ સંચાલિત ક્રેડિટ સ્કીમ્સના અમારા સમૂહને બંધ કરી દેવાનો અમારો નિર્ણય અત્યંત મુશ્કેલ હતો અને અમારી સામે બીજો કોઇ વિકલ્પ રહ્યો ન હતો. તમારામાં તેની ઘેરી અસર પડી છે તેનાથી પણ અમે પરિચિત છીએ.

આમ છતાં, અમે સચોટ રીતે માનીએ છે કે આ નિર્ણય જ ભલે તાત્કાલિક પડાકારો લાવે પરંતુ તમારા માટે, અમારા યુનિટ હોલ્ડર્સ માટે મૂલ્ય જાળવી રાખવાનો હતો. ફ્રેંક્લીન ટેમ્પલટન દરેરક રોકાણકારો માટે ક્રમબદ્ધ રીતે અને સમાન રીતે વહેલામાં વહેલી તકે દરેક રોકાણકારોને બહાર કાઢી લેવા માટે પ્રતિબદ્ધ છે અને તમારા નાણાં પરત આપવા માટે અમે સખત મહેનત કરી રહ્યા છીએ. આ દિશામાં આગામી મતદાન પ્રક્રિયા આવું જ એક અગત્યનું પગલું છે.

થોડા અગત્યના સુધારાઓ તમારી સાથે શેર કરવાની હું તક ઝડપી લેવા માગુ છું.

**<u>રોકાણ કરેલી કંપનીઓમાંથી અને રિટર્નીંગ સ્કીમ્સ બોરોઇંગ્સમાંથી પરત ચૂકવણી:</u>**

મને એ ખાતરી કરવી ગમશે કે અમે નિયમિતપણે આવક, મેચ્યોરિટી અને અન્ય સમયગાળા અનુસાર જે અન્ય પ્રતિબદ્ધતાઓ કે અત્યાર સુધી પ્રાપ્ત કરી છે તે મેળવવાનું ચાલુ રાખીએ.

હું એ વાતથી અવગત છું કે અમે જે પહેલા જણાવેલા છે તેવા તમારામાંના કેટલાકને સ્કીમ્સના પ્રોફાઇલની મેચ્યોરિટી અંગેની ચિંતા છે. મને એ ફરીથી કહેવા દો કે અમારા દ્વારા પ્રત્યેક સ્કીમ્સ માટે જે મેચ્યોરિટી પ્રોફાઇલ જાહેર કરવામાં આવ્યો હતો, તે ફક્ત ફક્ત પાકતી તારીખ અને પ્રત્યેક જામીનગીરીની પુટ/કોલ તારીખો પર જ આધારિત હતો. આમ છતાં, આ સ્કીમ્સ પાકતી તારીખ પહેલા ડિસ્ટ્રેસ વેચાણનો આશરે લેતા પહેલા પોર્ટફોલિયોમાં અંડરલાયીંગ એસેટ્સને નાણાંમાં રૂપાંતર કરવાની તકની શોધ કરશે, જેથી અમે રોકાણકારોના નાણાં શક્ય એટલી વહેલી તકે પરત આપી શકીએ. અંડરલાયીંગ જામીનગીરીઓની પાકતી તારીખ પહેલા જ અગાઉથી આ નાણાં પરત કરવા માટે સ્કીમ્સનો પ્રયત્ન રહેશે.

નિયમનો અનુસાર, સ્કીમ્સ ઋણ સહિતની પોતાની જવાબદારીઓ યુનિટ હોલ્ડર્સને નાણાં પરત આપતા પહેલા નિભાવવાની રહેશે. આમ છતાં મારે એ ખોટો ખ્યાલ દૂર કરવો છે કે ઋણની પરત ચૂકવણીથી રોકાણકારોના મૂલ્યમાં ઘટાડો આવશે.

સ્કીમ્સમાં રહેલુ ઋણ (સેબીના નિયમન અનુસાર લેવામાં આવેલ)ને સ્કીમની જવાબદારી તરીકે ગણવામાં આવે છે અને તેને એયુએમનું નિર્ધારણ કરતી વખતે પહેલેથી જ એડજસ્ટ કરવામાં આવી છે. જાણ કરવામાં આવેલી એયુએમ કરતા પોર્ટફોલિયો વેલ્યુ અસરકારક રીતે જ ઊંચી છે અને ઋણની પરત ચૂકવણી પર ચોખ્ખી એયુએમની અસર થશે નહી.

**મતદાનનો ઉપયોગ:**

છ સ્કીમ્સ બંધ કરી દેવાનું કારણ તમારુ રોકાણ મૂલ્ય જાળવી રાખવાનું અને તમારા નાણાં વહેલામાં વહેલી તકે પરત આપી દેવાનું હતું. તેમાં યુનિટ ધારકના મત સહિતના વધારાના પગલાંનો સમાવેશ થાય છે, જે ટ્રસ્ટીઓને સેબી (મ્યુચ્યુઅલ ફંડ) રેગ્યુલેશન 1996ના નિયમન 41 અનુસાર ટ્રસ્ટીઓને તેના પછીના પગલાં માટે સત્તા આપવા જરૂરી છે. એક વખત ટ્રસ્ટીને તમારા પાસેથી સત્તા મળી ગયા બાદ, તેના પછીના પગલાં એસેટ્સનું નાણામાં રૂપાંતર અને જે તે સ્કીમ્સમાથી નાણાંનું વિતારણ કરવાનો સમાવેશ થાય છે. નોંધવા જેવો અગત્યનો મુદ્દો એ છે કે ચૂકવણી સમયગાળો/ચૂકવણીને મતદાન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ જ આખરી ઓપ આપી શકાય અને અમલી બનાવી શકાય છે.

અમારા ટ્રસ્ટીઓ પણ પોર્ટફોલિયોના વેચાણમાં મદદ કરવા માટે સ્વતંત્ર સલાહકારની નિમણૂંક કરશે. અમારું સૌપ્રથમ ફોકસ મતદાન પ્રક્રિયા માટે તૈયાર થવાનું છે અને તમારો મત આપવા માટે શક્ય એટલી વહેલી તકે તેને સરળ બનાવવાનું છે.

આગામી થોડા દિવસોમાં અમારા ટ્રસ્ટીઓ બંધ કરવામાં આવનારી છ સ્કીમ્સના રોકાણકારોને "મતદાન પ્રક્રિયા" સંબંધિત "નોટીસ" સાથેનો એક ઇમેઇલ મોકલશે. આ નોટીસ પ્રત્યેક સ્કીમ માટે અલગથી મોકલાવમાં આવશે. છ સ્કીમોની મતદાન પ્રક્રિયા અલગથી હાથ ધરવામાં આવશે. બીજા શબ્દોમાં કહીએ તો એક કે તેનાથી વધુ સ્કીમ (બંધ કરવામાં આવી છે તે સ્કીમમાંથી)માં રહેલા રોકાણકારે તેઓ જે સ્કીમમાં રોકાણ ધરાવતા હોય તે પ્રત્યેક સ્કીમ માટે અલગથી મત આપવાની આવશ્યકતા રહેશે.

મારે મતદાનના ઉપયોગના હેતુ વિશેના કેટલાક ખોટા ખ્યાલો પર સ્પષ્ટ કરવા છે. કેટલાક રોકાણકારો માને છે કે "નેગેટીવ"માં મત આપવાથી બંધ કરવાની પ્રક્રિયાને અનામત રાખશે અને છ સ્કીમ્સ રિડીમ્પશન અને સબસ્કરિપ્શન પ્રક્રિયા શરૂ કરશે. આ સાચું નથી. મતદાનનો હેતુ સ્કીમની એસેટ્સના નિકાલ માટે હવે પછીનું પગલું લેવાની આ કાર્યવાહીમાંથી ઊભી થયેલી રકમનું નિયમનોને આધારે યુનિટધરકોએ વિતરણ કરવાની સત્તા આપવાનો છે.

જો ટ્રસ્ટીઓને સ્કીમની એટ્સ્સના નિકાલ માટેની સત્તા મળશે નહી તો તેનાથી આવી એસેટ્સનું નાણાંમાં રૂપાંતર કરવાની અને કાર્યવાહીમાથી ઊભી થયેલી રકમની પ્રક્રિયા વિલંબમાં પડી શકે છે.

તેથી, હું આપને વિનંતી કરું છું કે બજારની અટકળો કે અફવાઓને આધારે તમારી પસંદગી કરશો નહી. હું તમને પ્રમાણિકપણે વિનંતી કરુ છું કે અમારા નિર્ણયને સમજવા માટે પૂરતો સમય લો અથવા તમારા સલાહકાર સાથે વાત કરો અથવા તો આ અંગે પ્રશ્ન હોય તો અમારો સંપર્ક કરો. છ સ્કીમ્સને બંધ કરવા પરની વધુ માહિતી માટે તમે અહીં ક્લિક કરી શકો છો.

**તમારા નાણાંની પરતગી:**

બંધ કરવાની પ્રક્રિયા દરમિયાન, અમે શક્ય એટલી વધુ વખત તમારી સાથે વાત કરીને પારદર્શક બનવા માટે પ્રતિબદ્ધ છીએ અને તમારી ચિંતાઓ અને પૂછપરછો સામે જવાબદાર છીએ. તમારા દરેક પ્રશ્નોના જવાબ આપવા અમે બંધાયેલા છીએ, ચાહે તે સોશિયલ મીડિયા દ્વારા આવ્યા હોય અથવા અમારા કોલ સેન્ટરમાં આવ્યા હોય. તમારા સંદર્ભ માટે અમે આ સાથે **FAQ** દસ્તાવેજ પણ મુક્યો છે.

હું જાણું છુ કે આ નિર્ણયને કારણે અમે છેલ્લા 25 વર્ષમાં ભારે મહેનત કરીને જે પ્રતિષ્ઠા કમાયા છીએ તેની પર અસર થઇ છે. પ્રતિષ્ઠા અને અમારા કારોબારની દ્રષ્ટિએ પાછુ વાળવાની કોઇ કિંમત હોઇ શકે નહી, તેમ છતા અમે આગળ વધ્યા છીએ

કારણ કે અમે એવું દ્રઢપણે માનીએ છીએ કે તમારા માટે મૂલ્ય જાળવી રાખવાનો આ જ યોગ્ય માર્ગ છે.

ભારત અને અમારા રોકાણકારો પરત્વેની અમારી જવાબદારી મક્કમ છે અને અમારું ફોકસ હાલમાં આ કપરા કાળમાં વહેલામાં વહેલી તકે દરેક રોકાણકારોને શક્ય એટલું મહત્તમ મૂલ્ય પૂરું પાડવાનુ છે. આ એક જ માર્ગ છે જેનાથી અમે અમારી બ્રાન્ડની પ્રતિષ્ઠાને ફરીથી ઉભી કરી શકીએ છીએ અને સૌથી વધુ અગત્યનાં તમારા વિશ્વાસને પુનઃપ્રાપ્ત કરી શકીએ છીએ.

મતદાનનો ઉપયોગ કરવાની પ્રક્રિયા સફળ રીતે પૂર્ણ કરવાની હું આશા રાખુ છું. જેથી હું અમારા થોડા ફંડોના નાણાં પરત આપવાની હાથ શરૂ કરી શકું અને ત્યાર બાદ અમારી વેબસાઇટ પર પોસ્ટ કરાયેલ મેચ્યોરિટી પ્રોફાઇલ અનુસાર આગળ વધી શકીએ.

કૃપા કરીને અમારી સમર્પિત હેલ્પલાઇન 1-800-258-4255 અથવા 1-800-425-4255 પર સવારના 8થી રાત્રિના 9 વાગ્યા સુધીમાં, સોમવારથી શનિવાર સુધીમાં કોલ કરો અથવા જો તમારે વધારે સહાયની જરૂર હોય તો service@franklintempleton.com પર ઇમેઇલ કરો.

મારી ટીમ અને હું તમારા પ્રશ્નોના જવાબ આપવા માટે હાજર છીએ અને ભલે કદાચ વિલંબ થાય તો પણ ખાતરી રાખજો કે તમને પ્રત્યુત્તર મળશે જ.

આપનો પ્રમાણિક

**સંજય સપ્રે**

પ્રેસિડન્ટ, ફ્રેંક્લીન ટેમ્પલટન એસેટ મેનેજમેન્ટ (ઇન્ડિયા) પ્રા. લિમીટેડ

---

ડીસક્લેઇમર

આ સંદેશાવ્યવહારમાં સમાવિષ્ટ માહિતી એ દરેક ભૌતિક તથ્યોનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ નથી અને માત્ર માહિતીના હેતુ માટે છે. આ સંદેશાવ્યવહારમાં નિવેદનો /મંતવ્યો /ભલામણો જેમાં શબ્દો અથવા શબ્દસમૂહો છે જેમ કે "ઇચ્છા", "અપેક્ષા", "શક્યતા", "વિશ્વાસ કરો" અને સમાન અભિવ્યક્તિઓ અથવા આવા અભિવ્યક્તિઓના ભિન્નતા "ફોરવર્ડ લૂકીંગ નિવેદનો" છે. વાસ્તવિક પરિણામો ભૌતિક રીતે જોખમો અથવા અનિશ્ચિતતાઓને કારણે આપણી અપેક્ષાઓ સાથે સંકળાયેલા જોખમો અથવા અનિશ્ચિતતાને કારણે સૂચવેલા સૂચનોથી ભિન્ન હોઈ શકે છે, પરંતુ બજારના જોખમના સંસર્ગમાં, ભારત અને વૈશ્વિક સ્તરે અન્ય દેશોમાં સામાન્ય આર્થિક અને રાજકીય પરિસ્થિતિઓ, જે મર્યાદિત નથી. સેવા અને/અથવા રોકાણો પર અસર પડે છે. આ સંદેશાવ્યવહારની તારીખ પછીની સલામતીને અસર કરતી બાબતોમાં બદલાવ આવી શકે છે. એએએમસી, ટ્રસ્ટી, તેમના સહયોગીઓ, અધિકારીઓ અથવા કર્મચારીઓ અથવા હોલ્ડિંગ કંપનીઓ કોઈ વળતરની ખાતરી આપતી નથી અથવા બાંહેધરી આપતી નથી. આ યોજનાઓમાં રોકાણ પર સિદ્ધાંત અથવા આવકની ખાતરી. કૃપા કરીને કોઈ રોકાણ નિર્ણય લેતા પહેલા સ્કીમના માહિતી દસ્તાવેજને સંપૂર્ણ રીતે કાળજીપૂર્વક વાંચો અને વધુ વિગતો માટે અમારી વેબસાઇટ http://www.franklintempletonindia.com ની મુલાકાત લો.

મ્યુચ્યુઅલ ફંડ રોકાણો બજારના જોખમોને આધિન છે, યોજના સંબંધિત બધા દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.